# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-11-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના નેતાઓ ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરશે
- મહારાષ્ટ્ર વિધાનસભા માટે ભાજપ અને કૉંગ્રેસ સાથી પક્ષોએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો
- શ્રીનગર નજીકના જંગલોમાં લશ્કરી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ
- કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહરલાલે આજે નવી દિલ્હીમાં ઇલેક્ટ્રિક વાહનોની રેલીને લીલી ઝંડી બતાવી
- ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચની T-20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે સાંજે ગકેબરહા ખાતે રમાશે.

. ************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JHARKHAND---CAMPAIGNING.RTF

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. નેશનલ ડેમોક્રેટિક અને ઈન્ડિયા એલાયન્સ બંનેના મુખ્ય પ્રચારકો મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે ઝારખંડમાં બે રેલીઓને સંબોધશે અને રોડ શોમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રીની પ્રથમ ચૂંટણી સભા બોકારોમાં ચંદનકિયારી વિધાનસભા ક્ષેત્રના ચાંદીપુર ફૂટબોલ મેદાનમાં બપોરે 1 વાગ્યે શરૂ થઇ છે, જ્યારે બીજી ચૂંટણી રેલી 3.15 વાગ્યે ગઢવાના એરોડ્રોમ મેદાનમાં થશે. પ્રધાનમંત્રી સાંજે 5.15 વાગ્યે રાંચીમાં રોડ શો પણ કરશે.  બીજી તરફ JMMના વરિષ્ઠ નેતા હેમંત સોરેન ભવનાથપુર, તામર અને ખિજરી ખાતે શ્રેણીબદ્ધ સભાને સંબોધશે, જ્યારે વરિષ્ઠ RJD નેતા તેજસ્વી યાદવ ચતરાના હંટરગંજમાં લોકોને સંબોધિત કરશે.

# EARLY MAHARASHTRA – MANIFESTO

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે સત્તા પક્ષ અને વિપક્ષે પોત પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે સંકલ્પ પત્રની જાહેર કરી હતી. **આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ભાજપનું સંકલ્પ પત્ર રાજ્યના નાગરિકોની આકંક્ષાઓને દર્શાવે છે. આ પ્રસંગે તેમણે વિપક્ષ સામે પ્રહાર કર્યા હતા.**

BYTE 0 AMIT SHAH

**ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં સિંચાઈ યોજનાઓની જાહેરાત કરતા રાજ્યને દેવા મુક્ત બનાવવાનું વચન આપ્યું છે. આગામી પાંચ વર્ષમાં રાજ્યના યુવાનો માટે પાંચ કરોડ રોજગારની તકો, મહિલા માટે સસ્તે ભાવે મકાન, કૃષિ માટે સૌર ઊર્જા અને સ્વચ્છ પાણી સંદર્ભેની યોજનાઓનું વચન આપ્યું છે.**

તો સામે પક્ષે કૉંગ્રેસ અને સાથી પક્ષોએ મહારાષ્ટ્ર ચૂંટણી માટે 'મહારાષ્ટ્રનામા'ની જાહેરાત કરી હતી. આ પ્રસંગે પત્રકારોને સંબોધતા કૉંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જૂન ખડગેએ સત્તાપક્ષ સામે પ્રહાર કર્યા હતા.

BYTE – MALLIKAARUJU KHADAGE

# DAY J&K-ENCOUNTER

શ્રીનગર બહારના જંગલ વિસ્તારોમાં લશ્કરી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

કાશ્મીર ઝોન પોલીસના પ્રવક્તાએ જણાવ્યું છે કે આતંકવાદીઓની હાજરી વિશે મળેલી ગુપ્ત માહિતીને આધારે ઝરબવાન જંગલ વિસ્તારોમાં પોલીસ અને લશ્કરની ટુકડીએ તપાસ અભિયાન હાથ ધર્યું હતું.

સરુક્ષાદળો જ્યારે શાંકાસ્પદ સ્થળે પહોંચ્યા ત્યારે છુપાયેલા આતંકવાદીઓએ ગોળબાર કર્યો હતો. જોકે આ અથડામણમાં જાનહાનિના કોઈ સમાચાર નથી.

## SPECIAL-TRAINS.RTF

પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર ચાર શિયાળુ વિશેષ ટ્રેનો ચલાવશે. આ ટ્રેનોમાં બાંદ્રા ટર્મિનસ-ભુજ, બાંદ્રા ટર્મિનસ-ભુજ-વલસાડ, અને બાંદ્રા ટર્મિનસ-હિસારનો સમાવેશ થાય છે.

આ ટ્રેનોમાં એસી 2-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ અને જનરલ કોચ હશે .આ માટે બુકિંગ આજથી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. મુસાફરો ટ્રેનોના સ્ટોપેજ અને સમય સહિતની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પર લૉગ ઇન કરીને જોઈ શકશે.

## TRUMP WILL MEET BIDEN

અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન સાથે મુલાકાત કરશે. વ્હાઇટ હાઉસ પ્રવક્તાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે આ બેઠક સ્થાનિક સમય અનુસાર સવારે 11 વાગ્યે યોજાશે.

સામાન્ય રીતે નવા ચૂંટાયેલા અને વર્તમાન રાષ્ટ્રપ્રમુખ વચ્ચેની આ બેઠક અમેરિકામાં સત્તાના શાંતિપૂર્ણ સ્થળાંતરને ચિહ્નિત કરવા માટે મહત્વની

માનવામાં આવે છે. જોકે ડોનાલ્ડ ટ્રમ્પે 2020ની ચૂંટણી બાદ જો બાઇડન સાથે આવી કોઈ બેઠક કરી ન હતી. ડોનાલ્ડ ટ્રમ્પ20 જાન્યુઆરીના રોજ રાષ્ટ્ર પ્રમુખનું પદ સંભાળશે. બીજી વાર રાષ્ટ્ર પ્રમુખ બનનારા તેઓ અમેરિકાના બીજા નેતા છે.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## EV RALLY

ઊર્જા મંત્રી મનોહરલાલે આજે નવી દિલ્હીમાં ઇલેક્ટ્રિક વાહનોની રેલીને લીલી ઝંડી બતાવી હતી. આ પ્રસંગે તેમમે 'ઈવી સેવા' કાર્યક્રમનો પણ શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે આ કાર્યક્રમ એક ઉમદા હેતુથી શરૂ કરાયો છો, જે દિલ્હીના પ્રદૂષણને ઘટાડવા માટે ઇલેક્ટ્રિક વાહનોની ભૂમિકા પર પ્રકાશ પાડે છે.

## CRICKET--IND-VS-SA.RTF

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચની T-20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચ આજે સાંજે ગકેબરહા ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર

રાત્રે 8.30 વાગ્યે શરૂ થશે. શુક્રવારે રમાયેલી શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકાની ટીમને 61 રને હરાવ્યું હતું.

પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં આઠ વિકેટે 202 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમે માત્ર 141 રન કર્યા હતા. શ્રેણીની ત્રીજી મેચ બુધવારે સેન્ચુરિયનમાં અને ચોથી મેચ શુક્રવારે જોહાનિસબર્ગમાં રમાશે.

# IMD-WEATHER.RTF

હવામાન વિભાગે આજે તામિલનાડુમાં વાવાઝોડા સાથેભારે વરસાદની આગાહી કરી છે. કેરળ, માહે, પુડુચેરી અને કરાઈકલમાં પણ આજે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગની યાદી અનુસાર આ વિસ્તારોમાં વાવાઝોડા સાથે હળવોથી મધ્યમ વરસાદ આ મહિનાની 15મી તારીખ સુધી ચાલુ રહેશે. બીજી તરફ હિમાચલ પ્રદેશ અને ઉત્તર પશ્ચિમ પંજાબમાં આગામી 2 દિવસ સુધી ગાઢ ધુમ્મસ છવાયેલું રહેવાની શક્યતા છે . તો દિલ્હીમાં આગામી 2-3 દિવસ સુધી રાત્રિ અને સવારના કલાકો દરમિયાન આ પ્રકારનું વાતાવરણ રહેવાની સંભાવના છે.

# REV SQUASH- NSW OPEN

ભારતીય ખેલાડી અનાહત સિંહે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ન્યૂ સાઉથ વેલ્સ સ્ક્વોશ ઓપન સ્પર્ધામાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો છે. તેણે ફાઇનલમાં હોંગકોંગની હેલેન તાંગને 3-1થી પરાજય આપ્યો હતો.

અનાહતે શરૂઆતમાં તાંગન સામે પ્રથમ સેટ 8-11થી ગુમાવ્યો હતો. પરંતુ પુનરાગમન કરતાં આગામી ત્રણ સેટ 11-6, 11-3 અને 11-4થી જીતીને વિજય મેળવ્યો હતો..

## CHENNAI GRAND MASTERS

ચેસમાં, ચેન્નાઈની અન્ના સેન્ટેનરી લાઇબ્રેરીમાં ચાલી રહેલ ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ 2024માં અમેરિકાના ગ્રાન્ડમાસ્ટર લેવોન એરોનિયને પાંચમા રાઉન્ડમાં ફ્રાન્સના ગ્રાન્ડમાસ્ટર મેક્સિમ વાચિયર-લાગ્રેવને 3.5 પોઈન્ટ સાથે હરાવ્યા છે. લીડર ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસી 4 પોઈન્ટ સાથે આગળ છે.

અન્ય મેચમાં, વિદિત ગુજરાતીનો અમીન તાબાતાબાઈ સામે 57-ચાલનો ડ્રો અને  અરવિંદ ચિથમ્બરમ સાથે જીએમ એલેક્સી સરનાનો ડ્રો સહિત તમામ રમતોનો સમાપ્ત થઈ છે. ચેલેન્જર્સ કેટેગરીમાં, મુરલી કાર્તિકેયને રાઉન્ડ 5માં અભિમન્યુ પુરાણિકને હરાવ્યા હતા..

## ASIAN-HOCKEY-TROPHY.RTF

મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફી-2024 આવતીકાલથી બિહારના રાજગીરમાં શરૂ થશે. આવતીકાલે સાંજે મુખ્યમંત્રી નીતિશ કુમાર આ આંતરરાષ્ટ્રીય રમતોત્સવનું ઉદ્ઘાટન કરશે, જેમાંભારત સહિત છ ટીમો ભાગ લઈ રહી છે. આ કાર્યક્રમ 20 નવેમ્બરે સમાપ્ત થશે.

તમામ મેચો રાજગીરમાં સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં નવનિર્મિત હોકી સ્ટેડિયમમાં રમાશે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ભારત, ચીન, જાપાન, મલેશિયા, થાઈલેન્ડ અને કોરિયાની તમામ ટીમો બોધ ગયા પહોંચી ગઈ છે. આવતીકાલે ઉદ્ઘાટન મેચ જાપાન અને કોરિયા વચ્ચે બપોરે 12.15 કલાકે રમાશે.

# INDIAN-MUSICIANS-GRAMMY-NOMINATION.RTF

પ્રખ્યાત ભારતીય સંગીતકારો રિકી કેજ અને અનુષ્કા શંકરને 67માં ગ્રેમી એવોર્ડ્સ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. ત્રણ વખતના ગ્રેમી વિજેતા રિકી કેજને તેમના આલ્બમ બ્રેક ઓફ ડોન માટે બેસ્ટ ન્યૂ એજ, એમ્બિયન્ટ કેટેગરીમાં ચોથું સ્થાન મળ્યું.

સિતારવાદક અને સંગીતકાર અનુષ્કા શંકરને તેના આલ્બમ ચેપ્ટર-2: હાઉ ડાર્ક ઈટ ઈઝ બિફોર ડોન માટે પણ આ જ શ્રેણીમાં નામાંકિત કરવામાં આવ્યા છે. આ સિવાય રાધિકા વેકરિયાને વોરિયર્સ ઓફ લાઈટ માટે નોમિનેશન મળ્યું છે અને આંત્રપ્રિન્યોર અને સંગીતકાર ચંદ્રિકા ટંડનને ત્રિવેણી માટે સમાન કેટેગરીમાં

નોમિનેશન મળ્યું છે. ગ્રેમી એવોર્ડ સમારોહ આવતા વર્ષે 2 ફેબ્રુઆરીએ અમેરિકાના લોસ એન્જલસમાં યોજાશે.

# JAPAN - RAIN

જાપાનના ઓકિનાવાના દક્ષિણ પ્રીફેક્ચરમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. ભૂસ્ખલન અને અન્ય આપત્તિઓ માટે હાઈ એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે, ભેજવાળા પવનો ફૂંકાવાને કારણે ઓકિનાવાના મુખ્ય ટાપુના ઉત્તરીય ભાગ પર વરસાદી વાદળો છવાયા છે. વીજળીના કડાકા, તોફાન, ટોર્નેડો અને કરા સાથેના તીવ્ર પવનથી સાવધાન રહેવાની પણ સલાહ આપવામાં આવી છે.

# GOVT--PADDY-PROCUREMENT.RTF

દેશમાં ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી અંતર્ગત આ સત્રમાં સરકારે 120 લાખ મેટ્રિક ટનથી વધુ ડાંગરની ખરીદી કરી છે. પંજાબમાં 6 લાખ 58 હજાર ખેડૂતોને ડાંગરની ખરીદીનો ફાયદો થયો છે. તેમને 27 હજાર 995 કરોડ રૂપિયાની લઘુત્તમ સમર્થન કિંમત-એમએસપી ચૂકવવામાં આવી છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે કહ્યું કે ગ્રેડ 'A' ડાંગર માટે ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. તે માત્ર 2,320 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદવામાં આવે છે. પંજાબ સરકારે ડાંગરની લણણીનું કામ ચાર હજાર 743 મિલોને ફાળવ્યું છે, જેના માટે કુલ ચાર હજાર 839 ડાંગર મિલોએ

અરજી કરી છે. કેન્દ્ર સરકારે વર્તમાન ખરીફ ઋતુ માટે ડાંગરની ખરીદીનો અંદાજિત લક્ષ્યાંક 185 લાખ મેટ્રિક ટન રાખ્યો છે.